GJAH222137122024

सत्यमेव जयते

FORM-A

મે.૨૪માં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી કે.એમ.વ્યાસ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ સીટી સમક્ષ (કોર્ટ નં.૫૦) ફોજદારી કેસ નં.176443–2024 આંક–	
જજમેન્ટ તારીખ	10/08/2026
ગુન્હો	ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ-૨૦૦૭ની કલમ-૨૫ મુજબની ફરિયાદ
ગુના રજિસ્ટર નંબર	––
ફરિયાદી	એચ.ડી.બી. ફાઇનાન્સીયલ સર્વિસ લીમીટેડ ના ઓથોરાઇઝ પર્સન– **પ્રશાંત ભરતભાઈ સોની** શાખા: રાધીકા, બીજો માળ, લો ગાર્ડન રોડ, નવરંગપુરા , અમદાવાદ – ૩૮૦૦૦૯.
ફરિયાદપક્ષે વિ.વ.શ્રી	સી.આર.અબીચંદાની
આરોપી	**દોલતસિંહ અચતાભાઇ ડાભી** રહે.૩૮૬ વડવાડી મુવાડી છિપિયાલ છિપિયાલ કાથલાલ–૩૮૭૬૩૦, ગુજરાત
આરોપીના વિ.વ.શ્રી	રેખા.આર.પટેલ

FORM-B

ગુનાની તારીખ	––
પ્રથમ માહીતી અહેવાલની તારીખ	––
ચાર્જ શીટની તારીખ	––
પ્લી/તહોમતનામુ ઘડયાની તારીખ	**૨૩/૦૧/૨૦૨૬**
પુરાવા શરૂઆતની તારીખ	––
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	––
ચુકાદાની તારીખ	**૧૦/૦૮/૨૦૨૬**
સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો	**૧૦/૦૮/૨૦૨૬**

–: આરોપીની વિગત :–

અનુ નં.	આરોપીનુ નામ	ધરપકડ ની તારીખ	જામીન મુકિત ની તારીખ	ગુન્હાનુ તહોમત	શું નિર્દોષ છોડયા /સજા	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં. કલમ–

					કરી		૪૨૮ મુજબ
૧	દોલતસિંહ અચતાભાઇ ડાભી	--	--	ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ-૨૦૦૭ની કલમ-૨૫ અન્વયે	સજા કરી	(૧)વર્ષ ની સાદી કેદની સજા	--

FORM-C

-: ફરિયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના સાક્ષીઓની યાદી :-

(એ) ફરિયાદપક્ષના સાહેદ :-

અનુ.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
PW-૧	ફરિયાદી પ્રશાંત ભરતભાઈ સોનીનું સરતપાસનુ સોગંદનામુ.	૧૧	ફરિયાદી

(બી) બચાવપક્ષના સાહેદ :-

અનુ.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
DW-૧	કોઇ સાહેદ તપાસેલ નથી.		

(સી) અદાલત હ્વારા સાહેદ :-

અનુ.નં.	નામ	આંક	પુરાવાનો પ્રકાર
CW -૧	કોઇ સાહેદ તપાસેલ નથી.		

-: ફરિયાદી/બચાવપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના આંકની સૂચિ :-

(એ) ફરિયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા:-

અનુ.નં.	**આંક**	**વર્ણન**
૧	૧૪	આરોપીએ બેંકનો ઇ.સી.એસ રીટર્ન મેમો
૨	૧૫	આરોપીએ આપેલ ઇ.સી.એસ મેન્ડેટ
૩	૧૬	આરોપીને આપેલ નોટીસની નકલ
૪	૧૭	આરોપીને આપેલ નોટીસની આર.પી.એ.ડી.સ્લીપની પહોંચ
૫	૧૮	આરોપીને આપેલ નોટીસ બજી આવેલ એકલોઝમેન્ટ કે બજયા વગર આવેલ કવરની નજલ અને ઓન લાઇન સ્ટેટસ
૬	૧૯	ઓથોરીટી લેટરની નકલ
૭	૨૦	સર્ટીફીકેટ

(બી) બચાવપક્ષના આંક:-

અનુ.નં.	આંક	વર્ણન
-	-	-

(સી) ન્યાયાલયના આંક:-

અનુ.નં.	આંક	વર્ણન
-	-	-

(ડી) ભૌતિક પદાર્થ :-

અનુ.નં.	ભૌતિક પદાર્થ સંખ્યા	વર્ણન
-	-	-

જજમેન્ટ

(૧) ફરિયાદી એચ.ડી.બી.ફાય.સ.લિ. કંપની એ કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે અને તે નોન–બેંકીંગ કંપની એકટ હેઠળ નોંધાયેલ છે તથા ફરિયાદી બેંકે સદર ફરિયાદ દાખલ કરવા માટે ફરિયાદી પ્રશાંત ભરતભાઈ સોનીને ઓથોરીટી આપેલ છે તથા ફરિયાદી ફરિયાદના દસ્તાવેજોની હકીકતથી માહિતગાર છે. તહોમતદારે ફરિયાદી પાસેથી લોનની સુવિધા મેળવેલ છે અને તે માટે તહોમતદારે ફરિયાદીની જુદી–જુદી શરતો અને નિયમોને અનુસરવાની બાંહેધરી રૂપે તે જુદી–જુદી શરતો અને નિયમોને આધીન તહોમતદારની માંગણી મુજબની ટ્રેકટરની લોન સુવિધા રૂ.૪,૨૧,૬૭૧/–ની પુરી પાડેલ છે. જેનો **લોન એગ્રીમેન્ટ નં.૨૫૬૮૮૧૪૨** છે.

(૧.૧) હવે, ઉપરોકત લોનની સુવિધાના શરતો અને નિયમો મુજબ તહોમતદારે લોનની સુવિધા હેઠળ ઉપયોગ કરેલ કાયદેસર બાકી નીકળતા નાણાં/માસિક હપ્તા/હપ્તાઓના **રૂા.૨,૦૧,૦૦૦/–** પેટે ચુકવવા પાત્ર થતી રકમ ચુકવવા સારૂ તહોમતદારે ઓટો ડેબીટ ઈલેકટ્રોનિકસ ફંડ ટ્રાન્સફર માટે ઈ.સી.એસ./એચ.સી.એચ./એસ.આઈ.નો વિકલ્પ પસંદ કરેલ અને ફરિયાદી એચ.ડી.બી. લિ. ને આદેશાત્મક નિર્દેશો કરેલ કે તેઓના બેંક ખાતા નં.૨૧૧૧૭૧૩૧૩૫૭૯૫૨૧૩ માંથી **રૂા.૨,૦૧,૦૦૦/–** ચુકવી આપવા અને તે મુજબ ફરિયાદીના ખાતામાં રકમ જમા કરવાનું નકકી થયેલ.

(૧.૨) આમ, તહોમતદારે ફરિયાદીને આશ્વાસન આપેલ કે તે પોતાના ખાતામાં પુરતું ભંડોળ નિભાવશે અને ઉપરોકત જણાવેલ સરખા માસિક હપ્તાના સંબંધમાં રકમ ફરિયાદીના ખતામાં સદર લોનની ઉપયોગ કરેલ સુવિધાના વ્યવહાર પરિશિષ્ટ અનુસાર જમા કરાવશે. ત્યારબાદ ઈલેકટ્રોનીકસ ઓટોડેબીટ ટ્રાન્સફર તહોમતદાર દ્વારા **તા.૩૧/૦૮/૨૦૨૪** ના રોજ **રૂા.૨,૦૧,૦૦૦/–** ની રકમના સંબંધમાં "**Miscellaneous–Amount exceeds limit set on account by bank for debit per transaction**"ના શેરા સાથે પરત થયેલ જેથી ઓટો ડેબીટ ઈલેકટ્રોનિકસ ફંડ ટ્રાન્સફર અસ્વીકૃતી બાબતની જાણ ફરિયાદીની બેન્કે ફરિયાદીને કરેલ છે.

(૧.૩) ઉપરોકત ઈલેકટ્રોનીકસ ફંડ ટ્રાન્સફર પરત આવતાં ફરિયાદીએ **તા.૨૦/૦૯/૨૦૨૪** ના રોજ રજી.પોસ્ટ.એડી. મારફતે તહોમતદારને તેઓના ફરિયાદમાં જણાવેલ સરનામે લીગલ નોટીસ મોકલી આપેલ, જે નોટીસ તોહમતદારને બજી ગયેલ છે, પરંતુ ખોટા સરનામે મોકલેલ હોવાનો આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી અને ચુકવવાની થતી રકમ પણ આજ દીન સુધી ચુકવી આપેલ નથી. જેથી ફરિયાદીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ-૨૦૦૭ની કલમ-૨૫ (**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં "અધિનિયમ" તરીકે સંબોધવામાં આવેલ છે**) મુજબની ફરિયાદ દાખલ કરેલ છે. જે ફરિયાદ સાથે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૨) તહોમતદાર સામે રજુ થયેલ ફરિયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તહોમતદાર સામે પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ છે. જે તહોમતદારને ધોરણસર બજવણી થતાં તહોમતદાર તેઓના વિધ્વાન વકીલશ્રી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલ અને તેઓને ફરિયાદ તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા મળ્યા અંગે ખાતરી કરવામાં આવેલ છે. તેમજ બંને પક્ષે સાંભળી આંક-૧ નીચે હુકમ કરી સદર કેસ સમન્સ ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને તે જ દિવસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ- ૨૭૪ હેઠળ તહોમતદારની ની પ્લી **આંક-૦૬** થી નોંધેલ છે, ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો છે, જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલી.

આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :-

(૩) ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ હાલનુ કામ તહોમતદારનું બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવતાં, આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલ છે અને જણાવેલ છે કે, અમારા સિકયુરીટી ચેકનો દુરુઉપયોગ કરી અમને જાણ વગર ખોટી રીતે પુરાવા ઉભા કરી કેસ કરેલ છે. વધુમાં ત્યારબાદ પુરતી અને વ્યાજબી તક આપવા છતાં ફરિયાદીની ઉલટતપાસ કરવા માટે તહોમતદાર કે

તેના તરફે કોઈ હાજર રહેલ ન હોય જેથી ફરિયાદીની **આંક–૨૧** ની અરજી તળે હુકમ કરી, ફરિયાદીની ઉલટતપાસનો તહોમતદારનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદી વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તે અંગેની પુરાવાબંધની પુરસીશ **આંક–૨૨** થી રજુ કરેલ છે.

પક્ષકારો તરફેની દલીલો :–

(૪) ત્યારબાદ સદર કેસ બંને પક્ષકારોની દલીલો પર મુલત્વી રાખવામાં આવેલ છે. જયારે ફરિયાદપક્ષના વિ.વ.શ્રી હ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આ કામના બચાવપક્ષ તરફે કોઈ હાજર રહેલ ન હોવાથી તેમની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી કેસના રેકર્ડ ઉપર પડેલ પુરાવાઓને આધારે કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

આરોપી વિરૂધ્ધનું તહોમત/મુદાઓ :–

(૫) ફરિયાદી હ્વારા રજુ રાખેલ પુરાવા તથા ફરીયાદપક્ષની દલીલો આધારે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

–: મુદાઓ :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે ફરિયાદી બેંકમાંથી મેળવેલ લોનની સુવિધાની ચુકવણી ઈ.સી.એસ./એ.સી.એચ./ એસ.આઇ. માધ્યમ હ્વારા ચુકવવા માટે વિકલ્પ પસંદ કરેલ અને તે મુજબ તેઓની બેંકને સૂચના આપેલ હતી. જેની બાકી લેણી રકમ માટે ફરિયાદીએ રજુ કરેલ **રૂા.૨,૦૧,૦૦૦/–** નું ઈ.સી.એસ."**Miscellaneous–Amount exceeds limit set on account by bank for debit per transaction**" ના કારણે પરત થયેલ અને તે અંગે ફરિયાદીને જાણ થતાં ફરિયાદી હ્વારા તે રકમની માંગણી કરતી ડિમાન્ડ નોટીસ આપેલ હતી. જે નોટીસ તહોમતદારને મળી ગયેલ હોવા છતાં લેણી રકમ ચુકવી આપેલ નહી અને તેમ કરી

તહોમતદારે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ–૨૦૦૭ની કલમ–૨૫ મુજબ શિક્ષાપત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.૧:– હકારમાં

મુદા નં.૨ :– આખરી હુકમ મુજબ.

<u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>

<u>મુદા નંબર : ૧ અને ૨ની સંયુકત ચર્ચા :–</u>

(૭) અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે,"અધિનિયમ" ની જોગવાઈઓ દેશમાં નાણાં ની ચુકવણીની પ્રણાલીઓને નિયમન કરવા અને તે પર દેખરેખ રાખવાના હેતુથી બનાવવામાં આવેલ છે. વધુમાં કાયદો ધડવા માટેનો મુખ્ય ઉદ્દેશ દેશમાં થતી નાણાંકીય ચુકવણીઓ પર દેખરેખનો છે અને તે બાબતો તકરારો માટે ભારતીય રિઝર્વ બેંકને ડેઝીગ્નેટેડ ઓથોરીટી તરીકે નિયુકત કરવામાં આવેલ છે. વધુમાં આ કાયદો ક્રેડીટ સંબંધી ગ્રાહકોના હિતનું રક્ષણ કરવાનો છે. ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ"અધિનિયમ" ની કલમ–૨૫ અન્વયે દાખલ કરેલ છે. ત્યારે આ તબકકે સદરહું જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

SECTION 25 : Dishonour of electronic funds transfer for insufficiency, etc., of funds in the account

(1) Where an electronic funds transfer initiated by a person from an account maintained by him cannot be executed on the ground that the amount of money standing to the credit of that account is insufficient to honour the transfer instruction or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both :

Provided that nothing contained in this section shall apply unless -

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt or other liability;
(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;
(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic funds transfer within thirty days of the receipt of information by him from the bank concerned regarding the dishonour of the electronic funds transfer; and
(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary is proved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under sub-section (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorisation, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorisation, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII of the Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit.

Explanation.- For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability, as the case may be.

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં **કલમ–૨૫(૫) મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રકરણ–૧૭ ની જોગવાઈઓ રીટર્ન થયેલ ઈલેકટ્રોનીકસ ફંડસ ટ્રાન્સફરને લાગુ**

પડશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં સદરહું કાયદાની કલમ–૨૫(૨) માં જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ઈલેકટ્રોનીક ફંડસ ટ્રાન્સફર કોઈ કાયદેસરનું દેવું અથવા જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવા જણાવેલ છે. સદરહું કાયદાકીય જોગવાઈ મુજબનું અનુમાન ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૯ મુજબ કરવામાં આવતાં અનુમાન શબ્દશ: જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેના અનુમાન અંગે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ***Rohitbhai Jivanlal Patel Vs. State Of Gujarat and anr. 2019 INSC 393 = [2019] 5 S.C.R. 417*** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો તહોમતદારે શકયતાની પ્રબળતા અન્વયેની હકીકતો રેકર્ડ પર લાવવી જરૂરી છે કે, જેનાથી કહેવાતો વ્યવહાર અસ્તિત્વમાં ન હોવાની તેમજ સામાન્ય માણસ જે-તે સંજોગોમાં વ્યવહારોનું અસ્તિત્વ ન હોવાની હકીકત માને તેવી હકીકત તહોમતદારે રેકર્ડ ઉપર લાવવી જરૂરી છે. વધુમાં ફરિયાદપક્ષે કેસની હકીકતોનો માત્ર ઈન્કાર કરવાથી બચાવપક્ષ ઉપર રહેલ પુરાવાના બોજામાંથી મુકિત મેળવી શકાતી નથી તેમ ઠરાવેલ છે. વધુમાં તહોમતદાર દ્વારા ચેક ઉપરની સહીનો સ્વીકાર કરવામાં આવે તે સમયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયેનુ અનુમાન અમલમાં આવે અને તહોમતદાર દ્વારા ચેક એ કાયદેસરનું દેવું કે જવાબદારી પેટે આપેલ નથી તે પુરવાર કરવાનો બોજો તહોમતદાર ઉપર રહેલો છે તેવું નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ***Rangappa Vs. Shri Mohan, AIR 2010 INSC 289 = [2010] 6 S.C.R. 507*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે. સદરહું પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાથી તહોમતદાર પોતાના પુરાવાના બોજામાંથી

મુકિત મેળવી શકે છે કે કેમ? તે નકકી કરવું જરૂરી છે.

(૮) હવે, પ્રસ્તુત કામે ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી દાખલ કરવામાં આવેલ છે કે નહિ તે અંગે જોવામાં આવે તો ફરિયાદી દ્વારા સિકયુરીટી પેટે મેન્ડેન્ટના આધારે તહોમતદાર પાસે બાકી લેણી રકમ માટે તે રજુ કરતાં તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ તહોમતદારના ખાતામાંથી "**Miscellaneous–Amount exceeds limit set on account by bank for debit per transaction**" ના કારણે તેવું મેન્ડેટ રીટર્ન થયેલ છે. જે અંગે બેંક દ્વારા આપેલ રીટર્ન મેમો અસલ **આંક-૧૪** થી રજુ કરેલ છે. જેને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. જે પ્રોપર કસ્ટડીમાંથી રજુ થાય છે. **આંક-૧૫** આરોપીએ આપેલ ઈ.સી.એસ મેન્ડેટ રજુ છે. જે બાદ ફરિયાદી દ્વારા સદરહું ઈલેકટ્રોનીક મેન્ડેટની રકમની માંગણી કરતી નોટીસ કાયદાની કલમ-૨૫(૧)(સી) મુજબ તા.૨૦/૦૯/૨૦૨૪ ના રોજ આરોપીને આપેલ છે. જે નોટીસની ઓફિસ કોપી **આંક -૧૬** થી રજુ કરેલ છે. જેને ન માનવાને કોઈ કારણ રહેતુ નથી તથા નોટીસ રજી.એડી. કર્યા અંગેની પાવતી **આંક - ૧૭** થી રજુ છે. જે સરકારી રેકર્ડ છે. ત્યારબાદ **આંક -૧૮** થી નોટીસ બજી આવેલ એકલોઝમેન્ટ કે બજયા વગર આવેલ કવરની નજલ અને ઓન લાઈન સ્ટેટસ રજુ રાખેલ છે. **આંક–૦૬** થી આરોપીની પ્લી નોંધેલ છે. ત્યારબાદ **આંક –૨૧** થી ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપી હાજર નથી. વધુમાં નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા *C.C. Alavi Haji v. Palapetty Muhamme*d 2007 AIR SCW 3578, 2007 (4) માં જણાવેલ છે,"If notice is sent to correct address, presumption under Sec. 27 General Clauses Act applies." આમ ફરિયાદી દ્વારા કાયદાની

આજ્ઞાધારક જોગવાઈઓનુ પાલન થયેલ છે. તેમ આ અદાલતનું માનવું છે.

(૯) હાલની ફરિયાદ "અધિનિયમ" ની કલમ -૨૫ અન્વયે દાખલ થયેલ છે. જેમાં અધિનિયમની કલમ-૨૫(૨) માં ફરિયાદીની તરફેણમાં કાનુની અનુમાન કરવા જોગવાઇ કરવામાં આવેલ છે. જે અનુમાન અંગે ફરિયાદી અને તહોમતદાર વચ્ચે થયેલ **લોન એગ્રીમેન્ટ નં.૨૫૬૮૮૧૪૨** થી તહોમતદારએ ફરિયાદી કંપની પાસેથી લોન/ધીરાણ મેળવેલ છે અને તે ધીરાણની રકમ તહોમતદારના ખાતામાંથી ડેબીટ કરવા માટે ફરિયાદી કંપની એચ.ડી.બી. ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ. ને અધિકૃત કરવામાં આવેલ છે અને ફરિયાદીને લોનની રકમની પરત ચુકવણી પેટે મેન્ડેન્ટ આપવામાં આવેલ હોવા અંગેની હકીકત સાબિત કરવામાં આવે તો જ તહોમતદાર વિરૂધ્ધ કાયદાની **કલમ-૨૫(૨) મુજબ અનુમાન થઇ શકે અને તે બાદ તે અનુમાનનું ખંડન કરવાનો બોજો તહોમતદાર પર તબદીલ થાય છે અને જયાં સુધી તે અનુમાનનું ખંડન ન કરે ત્યાં સુધી તહોમતદારે તે ગુનો આચરેલ હોવા અંગે કાયદાકીય અનુમાન કરવાનુ છે.** પ્રસ્તુત કેસમાં જોવામાં આવે તો ફરિયાદી દ્વારા **આંક-૧૪** થી તહોમતદારની બેંકમાં થી પરત ફરેલો અસલ ઇ.સી.એસ./ એ.સી.એસ./એસ.આઇ. રીટર્ન મેમો રજુ કરેલ છે. જે તહોમતદારના બેંક ખાતામાંથી પરત ફરેલ નથી તેવો તહોમતદારે કોઇ બચાવ લીધેલ નથી કે અત્રેની અદાલત સમક્ષ હાજર રહીને ફરિયાદી દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને પડકારેલ નથી, જેથી ફરિયાદીની તરફેણમાં કાયદાકિય અનુમાન કરવું જરૂરી છે. પરંતુ ઉપરોકત હકીકત થકી તહોમતદારે ફરિયાદી બેંક પાસેથી લોન મેળવેલ જ નથી કે તેઓએ લોનની ભરપાઇ કરી દીધેલ હોય તેમ છતાં ફરિયાદી બેંક દ્વારા તેઓની ઉપર ખોટો કેસ દાખલ કરવામાં આવેલ હોય તેવી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

તેમજ ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાને પડકારેલ નથી. ફરિયાદીએ તેઓના કેસ મુજબની હકીકતો જ તેમના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે અને તહોમતદારને પ્રસ્તુત કેસમાં પુરતી તક આપવા છતાં, આ દસ્તાવેજોને અત્રેની અદાલત સમક્ષ પડકારવામાં આવેલ નથી. તહોમતદારે નિર્દોષ હોવા અંગેના કોઈ પણ આધારભુત પુરાવા અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી કે ફરિયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી કે પોતાના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી, આ તમામ દસ્તાવેજો નહિ માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી અને આ તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો ફરિયાદીના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે.

(૧૦) આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં **Sharad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146** ના ચુકાદાનો પેરા નંબર-૨૫ ધ્યાને લેવો જરુરી છે.

25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતા, અદાલત કોઈ પણ પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે. બી. એન. એસ.એસ.ની કલમ-૩૯૨ થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. હાલનો કેસ મુલતવી રાખવા માટે રેકર્ડ ઉપર કોઈ વાજબી કારણ ઉપલબ્ધ નથી.

(૧૧) હાલનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. "અધિનિયમ" ની કલમ-૨૫ ધ્યાને લેતા, આરોપીને સજા કરવામાં આવે તથા વળતર અપાવવાનો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે જેથી **મુદ્દા નંબર-૨** પરત્વે ન્યાયના

વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

-: આખરી હુકમ :-

(૧) આ કામના આરોપી **:દોલતસિંહ અચતાભાઇ ડાભી** રહે.૩૮૬ વડવાડી મુવાડી છિપિયાલ છિપિયાલ કાથલાલનાઓને ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ ૨૦૦૭ ની કલમ-૨૫ (૧) અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ ૨૦૦૭ ની કલમ-૨૫ (૧) તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, કલમ ૨૭૮(૨) અન્વયે આરોપી **:દોલતસિંહ અચતાભાઇ ડાભી** રહે.૩૮૬ વડવાડી મુવાડી છિપિયાલ છિપિયાલ કાથલાલનાઓને તકસીરવાન ઠરાવી **એક(૦૧) વર્ષની સાદી કેદની સજાનો** હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી : **દોલતસિંહ અચતાભાઇ ડાભી** રહે.૩૮૬ વડવાડી મુવાડી છિપિયાલ છિપિયાલ કાથલાલનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, કલમ ૩૯૫(૩) અન્વયે ફરિયાદી એચ.ડી.બી. ફાઇનાન્સીયલ સર્વિસ લીમીટેડને મેન્ડેટની રકમ **રૂા.૨,૦૧,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ એક હજાર પુરા)** વળતર તરીકે દિન-૬૦ માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ-૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર ન હોય, ફરિયાદી તરફથી અરજી કરી, પ્રોસેસ ફી ભર્યેથી આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ કલમ -૪૦૪ અન્વયે વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૧૦ મી, માહે : ઓગસ્ટ, સને :૨૦૨૬ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:અમદાવાદ
તારીખ:**૧૦/૦૮/૨૦૨૬**

(કે.એમ.વ્યાસ)
૨૪માં એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫૦, અમદાવાદ શહેર,
કોડ નં.જી.જે.૦૧૨૦૧.